ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૧-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### કિડની હોસ્પિટલનો રામસેતુ

સંત શિરોમણિ મોરારિબાપુને વિશેષણો પસંદ નથી. એમણે વર્ષો પૂર્વે પદ્મપુરસ્કાર સ્વીકારવાની ના પાડી હતી અને છેલ્લા ઘણા વર્ષોથી પોતાના નામ આગળ કોઇ 'સંત' કે 'પૂજ્ય' લખે એનો પણ તેઓ વિનમ્રભાવે વિરોધ કરતા રહ્યા છે. આજે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર બાપુ અમદાવાદની ખ્યાતનામ કિડની હોસ્પિટલના લાભાર્થે રામકથા પારાયણ શરૂ કરી રહ્યા છે ત્યારે એક અકિંચન સાધુના ખોરડે જન્મેલો બાળક રામના નામે કેવડો મોટો પુણ્યનો સેતુ બાંધી શકે, એનો યાદગાર દાખલો નજરોનજર જોવા મળશે. સો કરોડના ટારગેટથી આરંભાતી આ કથાના મંગલાચરણ પૂર્વે જ ત્રીસ કરોડથી વધુ રકમ કિડની હોસ્પિટલને પ્રાપ્ત થઇ ચૂકી છે. અમદાવાદમાં કથા પણ થઇ રહી છે અને કિડની હોસ્પિટલ પણ અમદાવાદ ખાતે જ આવેલી છે, પરંતુ દાતાઓ કોઇ ભૌગોલિક ભેદરેખા થોડી નડે છે? સો કરોડનો લક્ષ્યાંક આંબીને આંકડો આગળ વધવાની પૂરી સંભાવના છે. કિડની ફાઉન્ડેશનને સૌથી માતબર દાન સુરતના સ્વનામ ધન્ય ધનકુબેરો તરફથી પ્રાપ્ત થવાની વકી છે. મોરારિ બાપુએ મહુવા ખાતે રામકથા કરીને 'હનુમંત હોસ્પિટલ' ના નિર્માણમાં પાયાનું યોગદાન આપેલું છે. મહુવા પંથકનાં ગરીબ દરદીઓ માટે હનુમંત હોસ્પિટલ નજીવા દરે ફાઇવસ્ટાર હોસ્પિટલ જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવી રહી છે અને સમગ્ર દરિયાકાંઠા વિસ્તારની પ્રજા માટે આશીર્વાદરૂપ બની રહી છે. બાપુએ આજીવન - છેલ્લા શ્વાસપર્યંત રામકથા કરતા રહેવાનો સંકલ્પ કરેલ છે. એમને જળ, સ્થળ અને આકાશમાં રામકથાનું મંગલગાન કર્યું છે. રામકથાને કેવળ તુલસીદાસના ધર્મ ગ્રંથ 'રામચરિત માનસ' પૂરતી બંધિયાર ન રહેવા દેતાં એમને લોકભોગ્ય બનાવીને સાહિત્યકળા, શેરો-શાયરી અને ફિલ્મી ગીતો સુદ્ધાંને વિનિયોગ કર્યો છે. આમ, રામકથા બાપુ માટે નિરંતર નવી અને તરોતાજા રહી છે. વિશ્વના ખૂણે ખૂણે અને બિન-હિંદુ પ્રજા વચ્ચે જઇને એમણે રામકથાનું રસપાન કરાવ્યું છે. બાપુની રામકથા સાબરમતી જેલથી માનસરોવર પર્યંત અને ચિત્રકૂટમાંથી હિરોશિમા અને જેરુસલેમ પર્યંત વિસ્તરતી રહી છે. કિડની હોસ્પિટલમાં નિત્ય નવા માનવતાના વિક્રમો સ્થાપનાર ડો. એચ.એલ. ત્રિવેદી શ્વેત વસ્ત્રોમાં સંત સમાન છે. આંતરરાષ્ટ્રીય સ્તરનાં સંશોધનોનો સીધો લાભ કિડની હોસ્પિટલ દ્વારા ગરીબ દરદીઓને અત્યંત રાહતદરે સાંપડતો રહ્યો છે. 'કિડની ટ્રાન્સપ્લાન્ટ, લિવર ટ્રાન્સપ્લાન્ટ કેડેવર કિડનીથી લઇ 'સ્ટેમસેલ' થેરાપી સુધીની ભવ્ય મજલ આંબનારા આ આધુનિક ધન્વંતરિએ વિદેશની ધીકતી કમાણી છોડીને વતનમાં વહાલાંદવાલાં વચ્ચે પોતાનાં વૈજ્ઞાનિક સંશોધનો અને તબીબી જ્ઞાનની ભાગીરથી વહેવડાવીને માનવ માંગલ્યનું ઝળહળતું દૃષ્ટાંત રજૂ કર્યું છે. લાખોની સંખ્યામાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત સમસ્ત દેશમાંથી કિડનીના રોગોથી પીડાતાં દરદી અમદાવાદની આ અમૃત સંજીવની સમી હોસ્પિટલની સારવાર પામીને નવું જીવન મેળવતાં રહ્યાં છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ડો. એચ.એલ. ત્રિવેદીના આ સેવાયજ્ઞમાં ગુજરાતીના પહેલી હરોળના કવિ માધવ રામાનુજ પણ સમર્પિત થયેલ છે. બાપુની આ રામકથા અત્યાર સુધીની એમની રામકથાઓ કરતાં નોખી-અનોખી એ સંદર્ભે હશે કે બાપુ સામાન્ય રીતે 'લાભાર્થે' કથાઓ નથી કરતાં. તેઓ મોજ માટે કથા કરે છે પરંતુ જ્યારે આવા કોઇ વિશેષ ઉદ્દેશ સાથે રામનું નામ જોડાય ત્યારે સ્વાભાવિક રીતે જ સમસ્ત રામ પરિવાર અને એમાં પણ રામસેવક હનુમાનજી સૌથી વિશેષ પ્રસન્નતા અનુભવશે. સાબરમતી કાંઠે બે સંતોઓ તપ કરેલું છે - દધીચિ અને ગાંધીની સાથે જોડાતાં બાપુ અને ડો. એચ.એલ. ત્રિવેદી જેવી વિદ્યમાન સંતબેલડી પણ ધન્યતા જ અનુભવશે. જય સિયારામ.

# આજની નારીએ 'સ્વપણા'નો વિચાર કરવો જોઈએ : મલ્લિકા સારાભાઈ

## આજનો પુરુષપ્રધાન સમાજ સ્ત્રીને શક્તિ તો બનાવે છે, પણ વ્યક્તિ નથી બનવા દેતો : કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત યુવક મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં મલ્લિકાબેને યુવાઓનાં દિલો જીતી લીધાં

ગાંધીનગર, તા. ૨૩

'આજની નારીએ 'સ્વપણા'નો વિચાર કરવો જોઈએ, હું કોણ છું? એવો સવાલ પોતાની જાતને કરવો જોઈએ, પોતાની જાતને સારી પેઠે ઓળખવી જોઈએ ,પછી પોતાની ઓળખ સમાજ અને દુનિયાને આપવી જોઈએ. બહાર ફાંફા મારવા કરતાં અંદર ફાંફા મારવા સારા.' આજે ગાંધીનગરનાં મહેમાન બનેલાં ખ્યાત કલાકાર મલ્લિકા સારાભાઈએ આ શબ્દો યુવા વર્ગ સમક્ષ ઉચાર્યા હતા.

કે બી ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માસ્યુટિક ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ તથા શ્રી ઍમ ઍમ પટેલ સાયન્સ કૉલેજ ઍન્ડ ડિપાર્ટમૅન્ટ ઑફ બાયોટૅકનોલૉજીના યજમાનપદે ગાંધીનગરની સર્વપ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવ 'સંગત'નો ખીમજી વિશરામ હૉલ, સૅક્ટર-૨૩ ખાતેથી આરંભ કરાવતાં તેમણે યુનિવર્સિટી સંચાલિત મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્ણ સંબોધન કર્યું હતું. નૃત્યાંગના, સમાજસેવક, અભિનેત્રી અને નાટ્યકાર જેવી બહુમુખી પ્રતિભાવ ધરાવતાં મલ્લિકા સારાભાઈને સાંભળવા સમગ્ર હૉલ ખીચોખીચ ભરાયેલો હતો અને તેમની અસ્ખલિત વાણી સાંભળીને યુવાવર્ગે ચિચિયારીઓ અને તાળીઓથી તેમને વધાવી લીધાં હતાં.

'નારી તું નારાયણી' થીમ સાથે યોજાઈ રહેલા યુવક મહોત્સવનો પ્રારંભ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સવારે ઍલડીઆરપી કૅમ્પસ ખાતેથી વિવિધ વિષયોના ટૅબ્લો સાથેની રેલીના માધ્યમથી થયો હતો. ઢોલ-નગારા અને સૂત્રોચ્ચાર સાથે ઉત્સાહપૂર્વક આ રેલી સૅક્ટર-૨૩ કૅમ્પસ ખાતે પહોંચી હતી, જ્યાં વિદ્યાર્થીઓ યુવક મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં સામેલ થયા હતા.

ઉદ્‌ઘાટન સમારોહના મુખ્ય અતિથિ મલ્લિકા સારાભાઈએ યુવા વિદ્યાર્થી વર્ગને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આપણે ત્યાં કન્યાદાન કરવાનો રિવાજ છે. પણ હું પૂછું છું કે એક છોકરી શું એના માતા-પિતાની ગુલામ છે કે માતા-પિતા એનું દાન કરી શકે છે ? આ માન્યતા જ બદલવાની જરૂર છે, એમ જણાવતાં એમણે આપણે ત્યાં કન્યાદાનનો રિવાજ છે, તો પુરુષદાનનો રિવાજ કેમ નથી ? એવો વેધક સવાલ પણ ઊઠાવ્યો હતો.

આપણે ત્યાં સ્ત્રીઓની હાલત પિંજરે પુરાયા જેવી હોય છે અને એ હાલતમાં સુધારો કરવો હશે તો પિંજરાને તોડવાના પ્રયત્નો કરવા જ પડશે, એવી શીખ તેમણે સ્ત્રીઓને આપી હતી. જોકે, સ્ત્રીઓને પાંજરે પુરી રાખવાની માન્યતા ધરાવતા પુરુષોની પોતાની હાલત જ પાંજરે પુરાયા જેવી છે, એવો વ્યંગ તેમણે કર્યો હતો. અલબત્ત, સ્ત્રીઓની હાલત સ્ત્રીઓને કારણે જ આજે ખરાબ છે એ વાતનો એકરાર કરતાં તેમણે જણાવ્યું હતું કે આપણે ત્યાં એક સ્ત્રી સતત મા-બહેન કે પત્ની શું કહેશે ? એનું જ ધ્યાન રાખે છે અને એમાં જ તેની જિંદગી બરબાદ થઈ જાય છે. એ વિચારો છોડીને પોતાની જિંદગીની સ્ક્રીપ્ટ પોતાની જાતે જ લખવાની હિમાયત કરતાં તેમણે સ્ત્રીઓને સવાલ પૂછ્યો હતો કે તમને શું વધારે ગમશે ? તમારી જિંદગીની સ્ક્રીપ્ટ તમે જાતો લખો એ કે કોઈ બીજું લખે એ ? એક સ્ત્રી પહેલાં માતા-પિતાનું સાંભળે, પછી ભાઈનું સાંભળે, સાસરે જાય એટલે સાસરિયાઓનું સાંભળે ને પછી સંતાનો થાય એટલે સંતાનોનું સાંભળે. આમાં એનો પોતાનો અવાજ ક્યાં, પોતાની મરજી કે ઈચ્છા ક્યાં ? એણે પોતાના માટે પણ જીવવું જોઈએ એવી સંવેદનશીલ વાત તેમણે વક્તવ્યમાં રજૂ કરી હતી.

માતા-પિતા અને શિક્ષકો માળી જેવા હોવા જોઈએ, જે વિદ્યાર્થીઓનું જતન કરે અને એમને સારી રીતે ખીલવામાં પૂરી સહાય કરે, યોગ્ય વાતાવરણ પૂરું પાડે એમ જણાવતાં તેમણે શિક્ષણે આપણને જીવન શિક્ષણ આપવું જોઈએ, એવી હિમાયત કરી હતી.

આજે સમાજમાં ભલે સ્ત્રી સશક્તિકરણની ને સ્ત્રી સમાનતાની વાતો થતી હોય પણ હકીકત તો એ છે કે આજનો પુરુષપ્રધાન સમાજ સ્ત્રીને શક્તિ તો બનાવે છે, પણ વ્યક્તિ નથી બનવા દેતો. આપણે ત્યાં નિર્ભયા કાંડ જેવી દુર્ઘટનાઓ બને છે ત્યારે સૌ લોકો ઝંડા લઈને નીકળી પડે છે વિરોધ કરવા, ન્યાય માગવા પણ સચ્ચાઈ એ છે કે પોતાના ઘરની સ્ત્રીને કોઈ પૂછતું નથી.

ભ્રૂણ હત્યાને સમાજનું કલંક ગણાવતાં તેમણે જણાવ્યું હતું કે ભ્રૂણ હત્યા આજે સહેલી બાબત બની ગઈ છે, પણ એનો અટકાવ થવો જ જોઈએ. જો દહેજ પ્રથા જશે તો ભ્રૂણ હત્યા અટકશે એવો સંદેશ તેમણે યુવા વર્ગને આપ્યો હતો.

## જીપીએસમાં વ્યસન મુક્તિ અંગે પરિવર્તન ફિલ્મ શૉ દર્શાવવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત જી. સી. આર. ટી. માંથી ડૉ.જયંતિભાઈ પટેલે વ્યસન કરતાં નાના બાળકો તથા મોટેરાઓને વ્યસનમાંથી મુક્ત કેવી રીતે થવું તેના વિશે માહિતગાર કર્યા હતા. બાળકોને 'પરિવર્તન' નામની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી. તથા વ્યસન કરવાથી કેટલું નુકથાન થાય છે અને કેટલી તકલીફોનો સામનો કરવો પડે છે તે બાબતે જાણકારી આપી હતી.

## સ્વામિનારાયણ ધામ સ્કૂલમાં પરિવર્તનકી પુકાર કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તા. ૨૫મી જાન્યુઆરી રવિવારે સાંજે ૬.૩૦ વાગ્યાથી પ્રજાસત્તાક દિન સંદર્ભે 'પરિવર્તન કી પુકાર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક અને દેશ ભક્તિની કૃતિઓ રજૂ કરવામાં આવશે.

## ગાંધીનગરમાં સતત ત્રીજા વર્ષે જ્યોતિષના વર્ગોની તાલીમ

ગાંધીનગર, તા. ૨૩

જ્યોતિષ શીખવવા માટેના વર્ગોના સતત ત્રીજા વર્ષે સરસ્વતિ વિદ્યાલય, સેક્ટર-૬ ગાંધીનગર ખાતે તા. ૧૮-૧-૨૦૧૫ના રોજ બપોરે ૩.૦૦ કલાકે થયેલ છે.

ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન ગાંધીનગરની સંચાલિકા શ્રીમતી વિણાબેન વૈષ્ણવે આ અંગે વધુમાં જણાવ્યું છે કે, આ વર્ગોમાં જ્યોતિષની પ્રાથમિક માહિતી, જન્મકુંડળી કઈ રીતે બનાવવી, જ્યોતિષ ગણિત કોષ્ટક, ગ્રહોના શુભાશુભ સ્થાન, પંચાગની માહિતી, મુહૂર્તની માહિતી, મુહૂર્તની ગણિતીક સમજ, રાશીઓની સમજ, કુંડળીના ભાવો વિશેની માહિતી, વાસ્તુશાસ્ત્ર વગેરેને લગતી તાલીમ આપવામાં આવશે.

આ તાલીમ જ્યોતિષ શાસ્ત્રના નિષ્ણાંતો શ્રી વિશ્નુભાઈ વૈષ્ણવ, દિપાલીબેન આર. જોષી અને અન્ય નિષ્ણાંતો દ્વારા શીખવવામાં આવે છે. જ્યોતિષ શીખવાના વર્ગો માટે પ્રમુખ શ્રીમતી વિણાબેન વૈષ્ણવ, મો. નં. ૯૮૨૪૬૪૭૪૩૫ પર સંપર્ક કરવો.

## કવયિત્રી એષા દાદાવાલાની યુવા ગૌરવ પુરસ્કાર માટે પસંદગી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તેમજ સાહિત્ય અકાદમી દ્વારા દર વર્ષે ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવા સર્જકને તેમના સાહિત્યિક પ્રદાનને ધ્યાનમાં રાખીને યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે. વર્ષ-૨૦૧૩ માટેનો આ યુવા ગૌરવ પુરસ્કાર જાણીતા કવયિત્રી એષા દાદાવાલાને આપવામાં આવશે.

યુવા ગૌરવ પુરસ્કાર સાથે સર્જકને ૩. ૫૦ હજાર તથા સન્માનપત્ર આપી જાહેર સમારોહમાં સન્માન કરવામાં આવે છે. એષા દાદાવાલાને અકાદમી દ્વારા આગામી જાહેર સમારોહમાં આ પુરસ્કાર-સન્માન એનયાત કરાશે જેની જાહેરાત હવે પછી કરવામાં આવશે.

## સેંટ ઝેવિયર્સ અન્ડર-૧૯ બાસ્કેટ બોલમાં રનર્સઅપ

તાજેતરમાં શંકરસિંહ વાઘેલા બાપુ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી ખાતે અંડર-૧૯ સ્કૂલ બોઈઝ માટેની બાસ્કેટબોલ અને વોલીબોલની ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંડર-૧૯ બોઈઝ બાસ્કેટબોલમાં સેંટ ઝેવિયર્સ, ગાંધીનગરની ટીમ રનર્સઅપ બની હતી. ગાંધીનગરની ટીમે ભારે રોમાંચક મેચમાં ગાંધીનગરની જીઆઈપીએસની ટીમને પરાજય આપ્યો હતો. જો કે ત્યાર બાદ રમાયેલી ફાઈનલમાં ગાંધીનગરની ટીમને હિંમતનગરની માય ઓન સ્કૂલ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ગાંધીનગરની ટીમ તરફ મીત શાહ, યશ મહેતા, ધ્રુવ ઠક્કર, જય ચૌહાણ, શેરવિન ક્રિશ્ચિયન, માહિર શેખ, હ્રીશી પટેલ, જય પટેલ, ઉદય પંડિત, હાર્દિલ વોરા, નિનાદ ઠક્કર અને ઋષીરાજ પરમારે નોંધપાત્ર દેખાવ કર્યો હતો. ટીમના કોચ રામકિષ્ન પંડિત છે. વિજેતા ખેલાડીઓ અને કોચને સાળાના પ્રિન્સીપાલ ફાધર હેક્ટર પિન્ટોએ અભિનંદન પાઠવ્યા હતા.

# આજે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ગુરુ : શાસ્ત્રીજી મહારાજનો સાર્ધ શતાબ્દી મહોત્સવ

**પ્રસંગસર**
**- મહેશ સુરતવાલા**

વિક્રમ સવંત, ૧૯૨૧, મહા સુદ પાંચમ, વસંત પંચમી (તા. ૩૧-૦૧-૧૮૬૫) ના દિને ચરોતર પ્રદેશમાં મહેળાવ ગામે પાટીદાર પરિવારમાં પિતા ધોરીભાઈ અને માતા હેતબા થકી આ મહાપુરુષનું અવતરણ થયું.



બાળવયનું નામ હતું - ડુંગર ભક્ત. માત્ર ૨ વર્ષની ઉંમરે તેમને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ આશીર્વાદ આપ્યા હતા. આ તો અમારા જ છે અને અમારી સેવા કરવા આવ્યા છે. આ તો ત્યાગી - સાધુ થઇ, શ્રીજી મહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવશે અને કથાવાર્તા કરી સંપ્રદાયને ઉત્તેજન આપી વૃદ્ધિ કરશે. આમ, અમારી સેવા કરશે અને મહિમા વિસ્તારશે, તેમ જ અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરશે. આને ને અમારે તો જુની ઓળખાણ છે અને આની મારફત તો અમારે ઘણાં કામ કરવાનાં છે. નાનપણથી જ અનેક સદગુણો અને આગવી પ્રતિભા ધરાવતાં ડુંગર ભક્ત કિશોરવયે અવારનવાર વડલાલ જતા ત્યારે તેમનાથી પ્રભાવિત થઈને વડતાલના ધુરંધરો તેમને પોતાની પાસે રહેવા આગ્રહ કરતા.

૧૭ વર્ષની વયે તેમણે ગૃહત્યાગ કર્યો અને ભગવાન સ્વામિનારાયણ પાસે ૧૨ વર્ષ સેવામાં રહેલાં સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી પાસે જીવન સમર્પિત કર્યુ. ૧૮ વર્ષની વયે આચાર્ય વિહારીલાલજી મહારાજે યજ્ઞ કરી દીક્ષા આપી યજ્ઞપુરુષદાસ નામ આપ્યું. વિક્રમ સંવત ૧૯૩૯માં સુરત મંદિરમાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા પ્રસંગે તેમને ભગતજી મહારાજનો યોગ થયો. ભગતજી મહારાજે અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત સમજાવીને કહ્યું કે એ અક્ષરબ્રહ્મનો સાક્ષાત અવતાર ગુણાતીતાનંદ સ્વામી જ છે - ત્યારે આ અંગે નવયુવાન યજ્ઞપુરુષદાજીએ તેનું પ્રમાણ માંગ્યું. અને ભગતજીએ સદગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી પાસેથી એ પ્રમાણ સિદ્ધ કરી આપ્યું. વિજ્ઞાનાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના મુખેથી અનેક વખત ગુણાતીતાનંદ સ્વામીનો અક્ષરબ્રહ્મ તરીકેનો મહિમા સાંભળ્યો હતો. આ પ્રમાણ મળ્યા પછી શાસ્ત્રીજી મહારાજે ભોયકાના માલજી સોની, હિન્દુસ્તાની સાધુ કેશવજીવનદાસ વગેરેને મળીને આ વાતની વિશેષ ખાતરી કરતી વિગતો એકઠી કરી અને શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવાનો નિશ્ચય કર્યો. આ દરમિયાન, તેઓએ વડોદરા, રાજકોટ વગેરે સ્થળોએ પ્રખર વિદ્વાનો પાસે શાસ્ત્રનો ગહન અભ્યાસ કર્યો. લક્ષ્મીવાડીમાં શાસ્ત્રાર્થ પ્રસંગે તેમની અજોડ વિદ્વતા જોઇને પ્રખર રંગાચાર્ય બોલી ઊઠ્યા હતા : અસ્મિન્ સંપ્રદાયે એકમેવ...

તેમની સાધુતા, વ્યવહારકુશલતા અને તેમનું બુદ્ધિ - ચાતુર્ય જોઇ આચાર્ય મહારાજે તેમને સારંગપુર (હનુમાન) મંદિરના મહંત બનાવ્યા, જેના વિકાસમાં તેમનું ખૂબ યોગદાન રહ્યું. તેઓ માટે વરતાલના કોઠારી ગોવધનભાઇ કહેતા : વરતાલના બે હજાર સાધુઓમાં શાસ્ત્રી યજ્ઞપુરુષ જેવા સર્વ પ્રકારે સ્ત્રી-ધનના ત્યાગી હજી સુધી કોઇ જોયા નથી. મુમુક્ષુ હરિભક્તોને કથાવાર્તા કરી અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન આપ્યું. તેમનાં પ્રભાવથી અનેક ભક્તોમાં અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પાકી તઇ. આ સમર્પિત ભક્તો દ્વારા તેમને વરતાલમાં રહીને વઢવાણમાં સૌ પ્રથમ શિખરબદ્ધ મંદિરમાં અક્ષર પુરુષોત્તમની મૂર્તિ પધરાવરાવી.

વિક્રમ સંવત ૧૯૬૨ કારતક વદ પડવા (તા. ૧૩-૧૧-૧૯૦૫) ના દિવસે, ભગવાન સ્વામિનારાયણના હૃદગત અભિપ્રાય સમા અક્ષરપુરૂષોત્તમ ઉપાસનાના પ્રવ્તન માટે વરતાલ છોડ્યું. પોતાને અક્ષરપુરુષોત્તમના બળદિયા તરીકે ઓળખવતાં શાસ્ત્રીજી મહારાજે ૪૨ વર્ષની ઉંમરે, સ્વામિનારાયણના સંકલ્પ અનુસાર, સૌ પ્રથમ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું શિખરબદ્ધ મંદિર સન ૧૯૦૭ માં બોચાસણમાં રચ્યું અને બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના કરી. ત્યાર પછી તેમને સન ૧૯૧૬માં બીજું શિખરબદ્ધ મંદિર સારંગપુરમાં અને સન ૧૯૩૪માં ત્રીજું શિખરબદ્ધ મંદિર ગોંડલમાં કર્યું. શાસ્ત્રીજી મહારાજ કહેતા - મારો જન્મ અક્ષરપુરુષોત્તમ મંદિર બનાવવા માટે થયો છે. તેમને સન ૧૯૪૫માં ચોથું શિખરબદ્ધ મંદિર અટલાદરામાં અને સન ૧૯૫૧ માં પાંચમુ શિખરબદ્ધ મંદિર ગઢડામાં કર્યું. તેમને ભગવાન સ્વામિનારાયણના સંકલ્પ અનુસાર આ ભવ્ય મંદિરો રચીને ભાવાંજલિ અર્પી. પ્રચંડ વિરોધ વચ્ચે પણ અનેક લોકોના કલ્યાણનો રાજમાર્ગ ખુલ્લો મૂક્યો.

મુમુક્ષુઓને અષ્ટાંગયોગ વિના સમાધિ કરાવી તેમને ભગવાન સ્વામિનારાયણના દિવ્ય પ્રગટપણાનો અનેક લોકોને નિશ્ચય કરાવ્યો. સ્વામિનારાયણ પ્રકાશ નામે અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયનું જૂનામાં જૂના માસિક -સામયિકનો પ્રારંભ કર્યો. પ્રોફેસર જેઠાલાલ સ્વામિનારાયણ પાસે અક્ષરપુરુષોતમ ચરિતમ્‌નો સંસ્કૃત ગ્રંથ રચાવ્યો. નાદુરસ્ત તબિયત હોવા છતાં ૮૬ વર્ષની ઉંમર સુધી અનેક કષ્ટો વેઠી, ગામોગામ વિચરણ કરી છેક રાજસ્થાન અને પાકિસ્તાનમાં કરાંચી સુધી પારાયણો કરી જ્ઞાનપર્વો કરી શુદ્ધ ઉપાસનાની સમજમ સૌને આપી. તેમના આશીર્વાદથી સરદાર વલ્લભભાઇ પટેલ, ગુલઝારીલાલ નંદા વગેરે મહાનુભાવોએ રાષ્ટ્ર સેવામાં ઉમદા યોગદાન આપ્યું.

વિક્રમ સંવત ૨૦૦૭, વૈશાખ સુખ ચોથ (તા. ૧૦-૫-૧૯૫૧) ના દિવસે સારંગપુરમાં તેમણે પોતાની જીવનલીલા સંકેલતા પહેલાં અર્થાત તા. ૨૧-૫-૧૯૫૦ ના રોજ અમદાવાદમાં માત્ર ૨૮ વર્ષના શા. નારાયણસ્વરૂપદાસ શ્રી પ્રમુખસ્વામીને () સંસ્થાના પ્રમુખપદે નિયુક્ત કર્યા. આજે આપણે સૌ જોઇ શકીએ છીએ કે પ્રમુખ સ્વામી મહારાજે કુલ બાવન દેશોમાં ૧૭,૦૦૦ થી વધુ ગામો/શહેરોમાં પરિભ્રમણ કર્યું છે. અઢી લાખથી વધુ ઘરોમાં ઘૂમીને લોકોને વિષય - વ્યસન-વહેમમાંથી મુક્ત કર્યા. સાડા સાત લાખથી પણ વધુ પત્રો લખી, લોકોના પ્રશ્નો દૂર કર્યા. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત આધ્યાત્મિક મૂલ્યો અને સંસ્કારોને સતત માનવજીવનમાં જાગ્રત રાખવા તેમને કુલ ૧૧૦૦ થી વધુ મંદિરોનું સર્જન કર્યું. તેઓના આધ્યાત્મિક પ્રભાવથી આકર્ષાઇને ૯૫૦ થી વધુ સુશિક્ષિત યુવાનોએ જીવન સમર્પિત કર્યું અને તેમને સંતત્વની દીક્ષા આપીને તેમના દ્વારા સમાજમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું મોજું પ્રસરાવ્યું.

ભારત બહાર સૌથી મોટાં હિન્દુ મંદિર તરીકે ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં સ્થાન મેળવી તેમને ભારતીય સંસ્કૃતિના પાયા વિદેશની ધરતી પર રોપ્યા છે. હોસ્પિટલો, ફરતાં દવાખાના, રોગનિદાન યજ્ઞો વગેરે દ્વારા સમાજને આરોગ્ય બક્ષવા અપાર પુરુષાર્થ કર્યો. વ્યસનમુક્તિનું વિરાટ આંદોલન જગાવીને લાખો લોકોને વ્યસનમુક્ત કર્યા. ગૌશાળા, રચનાત્મક કૃષિ, દહેજમુક્ત સમૂહલગ્નો, સાક્ષરતા અભિયાન, આદિવાસીઓથી લઇને પછાત જ્ઞાતિઓનાં ઉત્કર્ષ સુધીનાં સમાજ સેવાના પ્રત્યેક ક્ષેત્રમાં તેમને અજોડ પ્રદાન આપ્યું અને સમાજ-ઉદ્ધારનાં કાર્યોમાં સાચા અર્થમાં તેઓ પ્રમુક બની રહ્યાં.

સર્વધર્મ પ્રત્યે સહૃદયતા દર્શાવતા સ્વામીશ્રીની વૈશ્વિક પ્રતિભાને કારણે સન ૨૦૦૦માં યુનોમાં વિશ્વશાંતિ પરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે વિશ્વને શાંતિ અને એકતાનો સંદેશો પાઠવવા તેઓને નિમંત્રિત કરવામાં આવ્યા. અદ્વિતીય કાર્યોની આવી હારમાળા રચવા છતાં સદા અહંશૂન્ય રહેતા પ્રમુખસ્વામી મહારાજના સાનિંધ્યમાં, અસંખ્ય લોકોએ પરમાત્માની શીતળ કૃપા અને સંનિધિનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે, અને આજે પણ મોટી ઉંમરે અસંખ્ય લોકોને લાભ આપી રહ્યાં છે.